**1. એક પાત્રમાં STP (273.15K) અને 1.0 વાતાવરણ દબાણે 1.6 ગ્રામ ડાયઑક્સિજન વાયુ ભરેલો છે. આ વાયુને અચળ તાપમાને બીજા પાત્રમાં ભરવામાં આવે છે. આ સમયે દબાણ મૂળ દબાણ કરતાં અડધું કરવામાં આવે તો નવા પાત્રનું કદ ગણો.**

➠ $p_1 = 1$ વાતા. $T_1 = 273.15$,

$p_2 = \frac{1}{2} = 0.5$ વાતા. $V_2 = (?)$, $V_1 = (?)$

32 ગ્રામ $O_2$ STP એ 22.4 લિટર કદ રોકે છે.

$\therefore$ 1.6 ગ્રામ ડાયઑક્સિજન $= \frac{22.4 \text{ લિટર} \times 1.6 \text{ ગ્રામ}}{32 \text{ ગ્રામ}}$

$= 1.12$ લિટર

$\therefore V_1 = 1.12$ લિટર

તાપમાન અચળ છે. (બોઇલના નિયમ મુજબ)

$\therefore p_1V_1 = p_2V_2$

$\therefore V_2 = \frac{p_1V_1}{p_2} = \frac{1 \text{ વાતા.} \times 1.12 \text{ લિટર}}{0.5 \text{ વાતા.}} = 2.24$ લિટર

**2. એક પાત્રમાં STP (273.15K) અને 1.0 વાતાવરણ દબાણે 1.6 ગ્રામ ડાયઑક્સિજન વાયુ ભરેલો છે. આ વાયુને અચળ તાપમાને બીજા પાત્રમાં ભરવામાં આવે છે. આ સમયે દબાણ મૂળ દબાણ કરતાં અડધું કરવામાં આવે તો ડાયઑક્સિજનના અણુઓની સંખ્યાની ગણતરી કરો.**

➠ ડાયઑક્સિજન અણુની મોલ સંખ્યા $= \frac{\text{ડાયઑક્સિજનનું દળ}}{\text{ડાયઑક્સિજનનું આણ્વીય દળ}}$

ડાયઑક્સિજનના મોલ $\frac{1.6}{32} = \frac{1}{20} = 0.05$ મોલ

ડાયઑક્સિજનનો 1 મોલમાં $6.022 \times 10^{23}$ અણુ સંખ્યા હોય છે.

$\therefore$ 0.05 મોલ ડાયઑક્સિજનમાં

$= 6.022 \times 10^{23} \times 0.05 = 0.3011 \times 10^{23}$

$= 3.011 \times 10^{22}$ મોલ સંખ્યા

**3. $CaCO_3$ જલીય HCl સાથે પ્રક્રિયા કરી $CaCl_2$ અને $CO_2$ બનાવે છે જે નીચેના રાસાયણિક સમીકરણ વડે દર્શાવ્યું છે.**

**$CaCO_{3(s)} + 2HCl_{(aq)} \rightarrow CaCl_{2(aq)} + CO_{2(g)} + H_2O_{(l)}$**

**જ્યારે 0.76 મોલર HClનું 250 મિલી કદ 1000 ગ્રામ $CaCO_3$ સાથે સંયોજાય ત્યારે $CaCl_2$નું કેટલું દળ ઉત્પન્ન થશે ? સીમિત પ્રક્રિયકનું નામ દર્શાવો. પ્રક્રિયા દરમિયાન ઉત્પન્ન થયેલા $CaCl_2$ની મોલ સંખ્યા ગણો.**

➠ $CaCO_3$નું આણ્વીયદળ $= 40 + 12 + 48 \ (3 \times 16)$

$= 100$ ગ્રામ મોલ$^{-1}$

1000 ગ્રામ $CaCO_3$માં $CaCO_3$ની મોલ સંખ્યા

$= \frac{CaCO_3\text{નું દળ (g)}}{\text{આણ્વીય દળ}} = \frac{1000 \text{ ગ્રામ}}{100 \text{ ગ્રામ મિલી}^{-1}} = 10$ મોલ

➠ મોલારિટી $= \frac{\text{દ્રાવ્ય (HCl) નું દળ} \times 1000}{\text{દ્રાવણનું કદ}}$

$0.76 = \frac{(HCl)\text{ની મોલ સંખ્યા} \times 1000}{250}$

$\therefore$ HClના મોલ $= \frac{0.76 \times 250}{1000} = 0.19$ મોલ

$CaCO_{3(s)} + 2HCl_{(aq)} \rightarrow CaCl_{2(aq)} + CO_{2(g)} + H_2O_{(l)}$

1 મોલ 2 મોલ

ઉપર દર્શાવેલા સમીકરણ પ્રમાણે 1 મોલ $CaCO_3$ 2 મોલ HCl સાથે પ્રક્રિયા કરે છે.

$\therefore$ 10 મોલ $CaCO_3$ $\frac{10 \times 2}{1} = 20$ મોલ

➠ HCl સાથે પ્રક્રિયા કરશે. પરંતુ આપણી પાસે ફક્ત 0.19 મોલ HCl છે. એટલે કે HCl સીમિત પ્રક્રિયક છે અને $CaCl_2$ની નીપજમાં ઘટાડો કરે છે.

2 મોલ HClમાંથી 1 મોલ $CaCl_2$ બને છે.

$\therefore$ 0.19 મોલ HClમાંથી $\frac{1 \times 0.19}{2} = 0.095$ મોલ $CaCl_2$ બનશે.

$CaCl_2$નું આણ્વીયદળ $= 40 + (2 \times 35.5) = 111$ ગ્રામ મોલ$^{-1}$ છે.

$\therefore$ 0.095 $CaCl_2$ના મોલ $= 0.095 \times 111 = 10.54$ ગ્રામ

**4. ગુણક પ્રમાણના નિયમની વ્યાખ્યા આપો અને બે યોગ્ય ઉદાહરણો આપી સમજાવો. આ નિયમ પરમાણુના અસ્તિત્વને કેવી રીતે નિર્દેશિત કરે છે ?**

➠ 1803માં ડાલ્ટન નામના વૈજ્ઞાનિકે આ નિયમનો અભ્યાસ કર્યો. જેની વ્યાખ્યા નીચે મુજબ આપી શકાય :

➠ જ્યારે બે જુદાં-જુદાં તત્ત્વો એકબીજા સાથે સંયોજાઈને એક અથવા વધુ સંયોજનો બનાવે ત્યારે એક તત્ત્વના નિશ્ચિત દળ સાથે સંયોજિત થતાં બીજાં તત્ત્વોના દળનું પ્રમાણ સાદી પૂર્ણાંક સંખ્યા વડે દર્શાવી શકાય છે.

➠ અથવા સાદી પૂર્ણાંક સંખ્યાના ગુણોત્તર વડે દર્શાવાય છે.

ઉદાહરણ-1 :

હાઇડ્રોજન + ઑક્સિજન $\longrightarrow$ પાણી

$H_2 + \frac{1}{2} O_2 \longrightarrow H_2O$

2 ગ્રામ 16 ગ્રામ $\longrightarrow$ 18 ગ્રામ

ઉદાહરણ-2 :

હાઇડ્રોજન + ઑક્સિજન $\longrightarrow$ હાઇડ્રોજન પેરૉક્સાઇડ

$H_2 + O_2 \longrightarrow H_2O_2$

2 ગ્રામ 32 ગ્રામ $\longrightarrow$ 34 ગ્રામ

➠ અહીં ઑક્સિજનના દળ સમીકરણમાં દર્શાવ્યા પ્રમાણે 16 અને 32 ગ્રામ છે. જે ઑક્સિજન સાથે 16:32 એટલે કે 1:2 જેવા ગુણોત્તર વડે જોડાય છે.

➠ જ્યારે સંયોજનો જુદાં-જુદાં પ્રમાણમાં એકબીજા સાથે જોડાય ત્યારે અલગ અલગ સંયોજનો બને છે. ઉપરના ઉદાહરણમાં હાઇડ્રોજનનું જુદાં-જુદાં પ્રમાણમાં ઑક્સિજન સાથે સંયોજન થાય ત્યારે $H_2O$ (પાણી) અથવા $H_2O_2$ (હાઇડ્રોજન પેરૉક્સાઇડ) બનાવે છે.

➠ રાસાયણિક પ્રક્રિયામાં ઘટકો એકબીજા સાથે નિયત પ્રમાણમાં જોડાય છે. આ ઘટકો પરમાણુ સ્વરૂપે પણ હોઈ શકે. આથી ગુણક પ્રમાણના નિયમના આધારે તે પણ કહી શકાય કે પરમાણુઓના અસ્તિત્વને લીધે તેઓ એકબીજા સાથે જોડાઈને અણુ બનાવી શકે છે.

**5. એક પેટી (box)માં કેટલાક લાલ રંગના સમાન દડા રાખવામાં આવેલ છે. આ દડા ઉપર A સંજ્ઞા લખેલી છે અને દરેક દડાનું વજન 2 ગ્રામ છે. બીજી પેટીમાં વાદળી રંગના સમાન દડા હોય છે. જેના ઉપર B સંજ્ઞા હોય છે. આવા દરેક દડાનું વજન 5 ગ્રામ છે. A અને B દડાઓ જોડાઇને AB, $AB_2$, $A_2B$ અને $A_2B_3$ બનાવે છે. ગુણક પ્રમાણનો નિયમ પળાય છે કે નહિ તે બતાવો.**

➠

| દડાઓનું જોડાણ | **A**નું દળ (ગ્રામ) | **B**નું દળ (ગ્રામ) |
|---|---|---|
| AB | 2 | 5 |
| $AB_2$ | 2 | 10 |
| $A_2B$ | 4 | 5 |
| $A_2B_3$ | 4 | 15 |

➠ Aના નિશ્ચિત દળ (1 ગ્રામ) સાથે જોડાતા Bનું દળ 2.5 ગ્રામ, 1.25 ગ્રામ અને 3.75 છે. આ જોડાયેલા દળનું પ્રમાણ 2 : 4 : 1 : 3 ગુણોત્તર દર્શાવે છે. જે સાદો પૂર્ણાંક સંખ્યાનો ગુણોત્તર છે.

➠ આમાં ગુણક પ્રમાણનો નિયમ પળાય છે.